સંતુષ્ટ ગરીબી એ સન્માનીય મિલ્કત છે
- એપિક્યુરસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૭૫ | ૨૫ મે ૨૦૧૨, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

**બોર્ડનું ૬૮.૪૪ ટકા**

**જિલ્લાનું ૫૫.૬૯ ટકા**

**શહેરનું ૫૬.૦૬ ટકા**

## ગાંધીનગર જિલ્લાનું નબળુ પરિણામ : ૧૫ ટકા ઘટ્યું
## જિલ્લાનો એક પણ વિદ્યાર્થી 'એ-૧' ગ્રેડમાં નહિ
## રાજ્યમાં ગાંધીનગર જિલ્લાનો ૨૭મો ક્રમ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકાર એક તરફ ગાંધીનગર શહેર અને જિલ્લાના આસપાસના વિસ્તારોને નોલેજ કોરીડોર તરીકે વિકસાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે ત્યારે 'દિવા તળે જ અંધારા' જેવી સ્થિતિ આજે ધો. ૧૨ના સામાન્ય પ્રવાહના જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગર જિલ્લાની થઈ છે.

છેલ્લેથી બીજા ક્રમનું પરિણામ મેળવનાર જિલ્લામાં એક પણ વિદ્યાર્થી એ ગ્રેડ મેળવવામાં સફળ થયો નથી અને ગત વર્ષની તુલનામાં ૧૫ ટકા જેટલો ભારે ઘટાડો પરિણામમાં નોંધાતા શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તાઓને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે. આ પરિણામને કારણે વાલીઓમાં નિરાશાનું મોજુ પ્રસરી વળ્યું છે. તો શૈક્ષણિક જગતમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૨માં લેવાયેલ ધો. ૧૨ સામાન્ય પ્રવાહના આજે

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના નવ કેન્દ્રોમાં બે કેન્દ્રોનું પરિણામ ૪૫ ટકાથી પણ નીચે!!

### ગાંધીનગર કેન્દ્રમાં સૌથી વધુ નાપાસ વિદ્યાર્થી છાલામાં નાપાસ થનાર વિદ્યાર્થીની સંખ્યા ૧૦૦ !!

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ધો-૧૨ સામાન્ય પ્રવાહ માટે નવ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા યોજવામાં આવી હતી. જિલ્લાના આ નવે કેન્દ્રોમાં સૌથી સારૂ પરિણામ ચાંદખેડા કેન્દ્રનું આવ્યું છે. જે ૭૧.૫૩ ટકા છે જયારે સૌથી ઓછું પરિણામ ચંદ્રાલા કેન્દ્રનું આવ્યું છે જે ૪૦.૨૦ ટકા છે.

ગાંધીનગર કેન્દ્રમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. તો છાલામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ છે.

| | કેન્દ્રનું નામ | ટકાવારી |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૫૬.૦૬ |
| ૨. | ચાંદખેડા | ૭૧.૫૩ |
| ૩. | ચંદ્રાલા | ૪૦.૨૦ |
| ૪. | છાલા | ૬૩.૭૭ |
| ૫. | કલોલ | ૬૦.૬૨ |
| ૬. | માણસા | ૪૩.૭૫ |
| ૭. | પિલવાઈ | ૫૫.૮૨ |
| ૮. | દહેગામ | ૫૬.૧૯ |
| ૯. | વડુ (ક) | ૬૨.૨૫ |

જિલ્લાના બે કેન્દ્રોનું પરિણામ ૪૫ ટકા કરતાં ઓછું આવ્યું છે જેમાં ચંદ્રાલાનું ૪૦.૨૦ ટકા અને માણસાનું ૪૩.૭૫ ટકા આવ્યું છે. ૫૫ ટકા કરતાં વધુ અને ૬૦ ટકા કરતાં ઓછું પરિણામ ત્રણ કેન્દ્રોનું આવ્યું છે. જેમાં ગાંધીનગરનું ૫૬.૦૬, પિલવાઈનું ૫૫.૮૨ અને દહેગામનું ૫૬.૧૯ ટકા છે. ૬૦ ટકાથી ૭૦ ટકાની વચ્ચે ત્રણ કેન્દ્રોનું પરિણામ આવ્યું છે જેમાં વડુનું ૬૨.૨૫, કલોલ ૬૦.૬૨ અને છાલાનું ૬૩.૭૭ ટકા આવ્યું છે. ચાંદખેડા એક માત્ર કેન્દ્ર એવું છે જયાં ૭૦ ટકાથી વધુ પણ ૭૫ ટકા કરતાં ઓછું આવ્યું છે. ચાંદખેડાનું પરિણામ ૭૧.૫૩ ટકા આવ્યું છે.




ચાલો..... ચાલો.... ચાલો....

**સરદાર પટેલ સ્ટેડિયમ ફાઈનલ મેચ જોવા**

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘની "રજત જયંતિ" તથા
સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે

**ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ આયોજીત**

**ગુજરાત પ્રજાપતિ પ્રિમિયર લીગ G.P.P.L. 2012**

ફાઈનલ મેચ

સ્થળ
સરદાર પટેલ સ્ટેડિયમ
નવરંગપુરા, અમદાવાદ-૯

સમય / તારીખ
તા. ૨૫-૫-૨૦૧૨, શુક્રવાર
બપોરે ૩-૦૦ કલાકથી

આપના આગમનની અભિલાષી

મુકેશ આર. પ્રજાપતિ
પ્રમુખ
ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ
મો. ૯૭૧૨૯૬૪૩૯૯

રાકેશ સી. પ્રજાપતિ
કન્વીનર
G.P.P.L.-2012
મો. ૮૧૪૧૭૦૨૦૨૦

ઘનજીભાઈ એમ. ધોળકિયા
મહામંત્રીશ્રી
ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ
મો. ૯૯૧૩૧૭૭૨૭૭

તા. ક. (૧) સ્ટેડીયમના પ્રવેશ પાસ ગુજરાત પ્રજાપતિ યુવક મંડળના પદાધિકારીઓ પાસેથી મેળવવા.

સૌજન્ય : મહેન્દ્ર પ્રજાપતિ (અડાલજ)